# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15/03/2026** **Morning : 7.10 to 7.20**
**Day : SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

---

1. **રાજ્યમાં ડિસેમ્બર, ૨૦૨૫ સુધીમાં નોંધાયેલી તમામ ગૌશાળા-પાંજરાપોળને 'મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના'નો લાભ મળશે**
2. **રાજયમાં એક વર્ષમાં કુપોષણના દરમાં ૯.૧ ટકાનો ઘટાડો થયો**
3. **અમદાવાદ જિલ્લામાં LPG ગેસનો પુરવઠો સંપૂર્ણપણે સુરક્ષિત અને પર્યાપ્ત - નાગરિકોને નિશ્ચિંત રહેવા કલેક્ટરની અપીલ**
4. **ગઇકાલે યોજાયેલી રાષ્ટ્રીય લોક અદાલતમાં રાજ્યમાં કુલ 5 લાખ 77 હજાર કરતાં વધુ કેસનો નિકાલ કરી 3209 કરોડ રૂપિયાના એવોર્ડ અપાયા**
5. **આગામી 18થી 20 માર્ચ દરમિયાન રાજ્યમાં કમોસમી વરસાદની આગાહી**
6. **અમદાવાદમા ચાલી રહેલી ઇન્ડોરામા વેન્ચર્સ ઓપન 2026ના ત્રીજા રાઉન્ડ બાદ સપ્તક તલવાર અને ધ્રુવ શ્યોરન સંયુક્ત રીતે ટોચ પર**

-----------------------------------------------------------------------------------

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ 7 વાગીને 45 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો..**

# BUDGET PC

ગાઁધીનગર ખાતે બજેટની જોગવાઇઓ અંગેની માહિતી આપવા માટે યોજાયેલી પત્રકાર પરિષદમાં રાજ્યના પશુપાલન અને ગૌસંવર્ધન મંત્રી જીતુ વાઘાણીએ આ અંગે વિગતો આપતા જણાવ્યું હતું કે, "મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના" હેઠળ સહાય મેળવવાની પાત્રતાના નિયમોમાં મહત્ત્વપૂર્ણ સુધારો કરીને રાજ્યની વધુમાં વધુ પાંજરાપોળ-ગૌશાળાને આ યોજના હેઠળ આવરી લેવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.હવે રાજ્યમાં  ડિસેમ્બર 2025 સુધી નોંધાયેલી તમામ ગૌશાળા – પાંજરાપોળને મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજનાનો લાભ મળશે

પશુપાલન અને કૃષિને સંલગ્ન વિભાગોની માહિતી આપતાઅધિક મુખ્ય સચિવ અરૂણકુમાર સોલંકીએ કહ્યુ હતું કે આગામી સમયમાં ૮ લાખ સેક્સ્ડ સીમેન ડોઝનું ઉત્પાદન કરાશે

(બાઇટ- અરૂણ કુમાર સોલંકી , અધિક મુખ્ય સચિવકૃષિ અને ખેડૂત કલ્યાણ)

શ્રમ અને રોજગાર વિભાગના સચિવ લોચનશહેરાએ વધુ વિગતો આપતાં જણાવ્યુ હતું કે નમો ગુજરાત કૌશલ્ય અને રોજગાર મિશન: યુવાનોની રોજગારક્ષમતાવધારવા માટે ૨૨૬ કરોડની જોગવાઈઓ યુવાનોને રોજગારીની તકોમાં મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવશે.

(બાઇટ- લોચન શહેરા , સચિવ, શ્રમ અને રોજગાર વિભાગ)

વર્ષ ૨૦૨૬-૨૭માં ગ્રામવિકાસ વિભાગનું પાંચ હજાર ૪૭૯ કરોડનું બજેટ જાહેર કરાયુ હતું આ બજેટ ગ્રામીણવિકાસને નવી ગતિ આપનારુ સાબિત થશે તેવી આશા સાથે અંદાજપત્રમાં નવી યોજનાઓ અને જોગવાઇઓની માહિતી આપતા ગ્રામીણ વિકાસ વિભાગના મુખ્ય સચિવ ધનંજય દ્વિવેદીએ કહ્યું હતું કેપ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામિણ, સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ , **VB-GRAM-G** યોજના માટે એક હજાર ૫૦૦ કરોડનીજોગવાઈ કરવામાં આવી હોવાનું ગ્રાણીણ વિકાસ વિભાગના અગ્ર સચિવ ધનંજય દ્વિવેદીએજણાવ્યુ હતું.

આ ઉપરાંત મત્સ્ય, સહકાર સહિતનાવિભાગોની પણ અંદાજપત્રની જોગવાઇઓની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

## POSHAN

રાજ્ય સરકારના સર્વગ્રાહી અભિગમ અને રિયલ ટાઈમ મોનિટરિંગને કારણે ગુજરાતમાં કુપોષણના દરમાં મોટો ઘટાડો નોંધાયો છે, વિધાનસભામાં રાજ્યમાં કુપોષણની સ્થિતિ અંગે મહત્વપૂર્ણ વિગતો રજૂ કરતા મહિલા અને બાળ વિકાસ મંત્રી ડૉ. મનીષા વકીલે જણાવ્યું હતું.

મંત્રી મનીષા વકીલે જણાવ્યુ હતું કે, કેન્દ્ર સરકારના 'પોષણ ટ્રેકર' ડેટા મુજબ, જાન્યુઆરી ૨૦૨૫ માં રાજ્યમાં ઓછા વજનવાળા બાળકોની ટકાવારી ૨૦.૫ ટકા હતી, જે જાન્યુઆરી ૨૦૨૬માં ઘટીને ૧૧.૪ ટકા થઈ છે. આમ, એક જ વર્ષમાં ૯.૧

ટકાનો માતબર ઘટાડો જોવા મળ્યો છે. આ સુધારો એનએફએચએસ-5 ના જૂના આંકડાઓની સરખામણીમાં ગુજરાતની તેજ ગતિએ થઈ રહેલી પ્રગતિ દર્શાવે છે.

## EDUCATION GRANT

વિધાનસભામાં વર્ષ ૨૦૨૬-૨૭ માટેની શિક્ષણ વિભાગની અંદાજપત્રીય માંગણીઓ પર ચર્ચા બાદ શિક્ષણમંત્રી ડૉ. પ્રદ્યુમન વાજાએ જણાવ્યું હતું કે, પ્રધાનમંત્રી મોદીના 'વિકસિત ભારત @૨૦૪૭'ના સ્વપ્નને સાકાર કરવાના ઉદ્દેશ સાથે રાજ્યનો શિક્ષણ વિભાગ નવી ઊર્જા સાથે આગળ વધી રહ્યો છે. તેમણે જણાવ્યું હતું કે, શિક્ષણ વિભાગ દ્વારા રજૂ કરાયેલી રૂ.૬૩,૧૮૪ કરોડની સર્વાધિક અંદાજપત્રીય માંગણીઓ એ માત્ર આંકડાકીય જોગવાઈ નથી, પરંતુ લાખો વિદ્યાર્થીઓના સપનાઓને સાકાર કરવાનું મહત્ત્વનું માધ્યમ છે. રાજ્યમાં પ્રાથમિક શિક્ષણમાં કરાયેલા ક્રાંતિકારી સુધારા અંગે ડૉ. વાજાએ જણાવ્યું હતું કે, રાજ્યમાં શાળા પ્રવેશોત્સવ જેવા અભિયાનોને કારણે વર્ષ ૧૯૯૫માં જે ડ્રોપ આઉટ રેશિયો ૫૧.૨૨ ટકા હતો, તે ઘટીને ૨.૩૫ ટકા જેટલો નીચો આવ્યો છે.

# VAV THARAD SHANKAR CHAUDHRI

વાવ-થરાદ વિસ્તારના અનુસૂચિત જાતિ સમાજ માટે સાંસદ સભ્ય પરબતભાઇ પટેલની વર્ષ 2019/20 ની રૂપિયા 20 લાખ ની ગ્રાન્ટ માંથી નવનિર્મિત કોમ્યુનિટી હોલનો લોકાર્પણ સમારોહ ચારભુજા વિષ્ણુ મંદિર ખાતે સંપન્ન થયો હતો. ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત બનાસકાંઠાના પૂર્વ સાંસદ પરબતભાઈ પટેલે જણાવ્યું હતું કે, છેવાડાના માનવી સુધી સુવિધાઓ પહોંચાડવાના સરકારના અભિગમનું આ શ્રેષ્ઠ ઉદાહરણ છે. મેઘવંશી સમાજ માટે નિર્મિત આ સભાખંડ ભવિષ્યમાં સામાજિક, શૈક્ષણિક તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ માટે કેન્દ્રબિંદુ બની સમાજના સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

.....................................

# DESSA KAHTMUHURAT

રાજ્ય કક્ષાના મંત્રી પ્રવીણ માળીના હસ્તે ડીસામાં 25 કરોડ રૂપિયાના વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યું હતું..સિનિયર સિટીઝન્સ અને નગરજનો માટે ડીસામાં “ભારતમાતા”ના પ્રથમ ફેઝનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું..શહેરના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખી પ્રોસેસિંગ પ્લાન્ટ, આઇકોનિક રોડનું નિર્માણ, સીસી રોડના કામો, ઓવરહેડ ટાંકીનું નિર્માણ તેમજ ભારત માતા ગાર્ડન સહિતના મહત્વપૂર્ણ વિકાસ પ્રોજેક્ટ્સનો પ્રારંભ કરવામાં આવ્યો. શહેરના વિકાસને વધુ ગતિ આપવા માટે હાથ ધરાયેલા આ કાર્યો થકી નાગરિકોને આધુનિક સુવિધાઓ ઉપલબ્ધ થશે તેવી મંત્રી પ્રવિણ માળીએ આશા વ્યક્ત કરી હતી.

બાઇટ : પ્રવીણભાઈ માળી, રાજ્યક્ષાના મંત્રી

# LPG.

અમદાવાદ જિલ્લામાં LPG ગેસનો પુરવઠો સંપૂર્ણપણે સુરક્ષિત અને પર્યાપ્ત છે, નાગરિકોને નિશ્ચિંત રહેવા કલેક્ટર સુજીતકુમાર દ્વારા અપીલ કરવામાં આવી છે. આ અંતર્ગત યોજાયેલી બેઠકમાં LPG વિતરણ વ્યવસ્થાની સર્વગ્રાહી સમીક્ષા કરી છેવાડાના નાગરિક સુધી અવિરત સેવા પહોંચાડવા માઈક્રો-પ્લાનિંગ કરવામાં

આવ્યું છે. ઉપરાંત જિલ્લામાં ગેસ સિલિન્ડરના પુરવઠા, વિતરણ વ્યવસ્થા તથા ઉપલબ્ધતાની સ્થિતિ અંગે વિસ્તૃત સમીક્ષા કરવામાં આવી હતી.

જિલ્લા કલેક્ટરેએ કહ્યું ગેસ સિલિન્ડરની કાળાબજારી, સંગ્રહખોરી કે ઘરેલુ ગેસનો વ્યાવસાયિક ઉપયોગ માટે ગેરકાયદેસર વપરાશ કોઈપણ સંજોગોમાં ચલાવી લેવામાં આવશે નહીં. આવા ગેરકૃત્યોમાં સંડોવાયેલા તત્વો સામે કડક કાર્યવાહી હાથ ધરવાની સૂચના આપી હતી.

## LOK ADALAT

ગઇકાલે યોજાયેલી રાષ્ટ્રીય લોક અદાલતમાં રાજ્યમાં કુલ 5,77,579 કેસનો નિકાલ કરી 3209 કરોડ રૂપિયાના એવોર્ડ અપાયા, રાજ્યમાં લોકઅદાલતોમાં પ્રિ -લિટિગેશન 8,21,208 કેસોમાં 116.78 કરોડ રૂપિયાના એવોર્ડ થયા હતા. જેમાં બોટાદ જિલ્લામાં કુલ ૭,૭૬૬ કેસોનું સમાધાન દ્વારા કરવામાં આવ્યું આ અંતર્ગત હાઈકોર્ટના ન્યાયમૂર્તિઓની વિશેષ ઉપસ્થિતિમાં અનેક વર્ષોથી પડતર કેસોનો સુખદ સમાધાન લાવી પક્ષકારોને ત્વરિત ન્યાય મળ્યો હતો.

કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં સિવિલ, પ્રિલીગેશન, ઘરેલું સહિત કુલ 5300 KESO માંથી અનેકનું નિકાલ કરાયો. ભાવનગર જિલ્લામાં રાષ્ટ્રીય લોક અદાલતમાં ૧૭,૧૪૯ કેસોનો નિકાલ કરાયો તો જામનગરમાં પણ 7166 જેટલા કેસોનો નિકાલ કરવામાં આવ્યો હતો.

બાઇટ : ઓમકાર

# WEATHER

આગામી પાંચ દિવસ દરમિયાન તાપમાનમાં બેથી પાંચ ડિગ્રી ઘટાડો થવાની શક્યતાના પગલે ગરમીમાંથી લોકોને રાહત મળે તેવી હવામાન વિભાગે આગાહી કરી છે.

રાજ્યમાં **18**થી **20** માર્ચ સુધી કમોસમી વરસાદની હવામાન વિભાગે આગાહી કરી છે. માર્ચ મહિનામાં પ્રીમોન્સૂન એક્ટિવિટી શરૂ થવાની છે. જેના કારણે હળવાથી મધ્યમ વરસાદની આગાહી હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે કરી છે.

બાઇટ : રામાશ્રય યાદવ

# ANGDAN

અંગદાનએ મહાદાનએ સૂત્રને સાર્થક કરીને અમદાવાદની સિવિલ હોસ્પિટલના માધ્યમથી અંગદાન થકી ચાર જિંદગીઓને નવજીવન અને બે વ્યક્તિઓને દ્રષ્ટિ મળશે. સિવિલ હોસ્પિટલ દ્વારા અંગદાન ક્ષેત્રે સતત જાગૃતિ ફેલાવવામાં આવી રહી છે.

BYTE – ડૉ. રાકેશ જોશી, તબીબી અધિક્ષક, સિવિલ હોસ્પિટલ

# GOLF

અમદાવાદમા ચાલી રહેલી ઇન્ડોરામા વેન્ચર્સ ઓપન 2026ના ત્રીજા રાઉન્ડ બાદ  સપ્તક તલવાર અને ધ્રુવ શ્યોરન સંયુક્ત રીતે ટોચ પર રહ્યા છે.

સપ્તક (68-71-69) અને ધ્રુવ (69-69-70) બંને આઠ અન્ડર 208ના સમાન કુલ સ્કોર સાથે સંયુક્ત આગેવાનીમાં રહ્યા. સપ્તકના ભૂલ રહિત 69ના સ્કોરે તેમને ત્રણ સ્થાનનો ઉછાળો અપાવ્યો, જ્યારે ધ્રુવના 70ના સ્કોરે તેમને એક સ્થાન ઉપર પહોંચાડ્યા. મનુ ગાંદાસે દિવસનો સંયુક્ત સૌથી નીચો સ્કોર 67 કર્યો અને 11 સ્થાનનો ઉછાળો મેળવી સાત અન્ડર 209 સાથે ત્રીજા સ્થાને પહોંચ્યા.

આર્યમાન આદિત્ય મોહને પણ દિવસનો સંયુક્ત સૌથી નીચો સ્કોર 67 નોંધાવ્યો અને છ અન્ડર 210 સાથે ચોથા સ્થાન માટેની સંયુક્ત સ્થિતિમાં દિવસપૂર્ણ કર્યો.  તેમની સાથે અર્જુન પ્રસાદ અને ફ્રાન્સના ક્લેમેંટ સોર્ડેટ પણ રહ્યા.

---------------------------------------------------------------------